# રશિયાનો હાઈપરસોનિક ઓરેશ્નિક મિસાઈલ વડે કિવ પર હુમલો?

**યુક્રેનની** રાજધાની પર થયેલા હુમલામાં બેનાં મોત, ૮૩ને ઇજા

**ચાર** વર્ષથી ચાલતા યુદ્ધમાં આ શસ્ત્રનો ત્રીજી વખત ઉપયોગ કરાયો





કિવ, તા. 24(AP) : યુક્રેનના પ્રમુખ વોલોદિમિર ઝેલેન્સકીએ રવિવારે જણાવ્યું હતું કે રશિયાએ રવિવારે કિવ પર કરેલા મોટા ડ્રોન અને મિસાઈલ હુમલા દરમિયાન શક્તિશાળી હાયપરસોનિક 'ઓરેશ્નિક' બેલિસ્ટિક મિસાઈલનો ઉપયોગ કર્યો હતો. આ હુમલામાં ઓછામાં ઓછા બે લોકોના મોત થયા છે, જે ચાર વર્ષથી ચાલી રહેલા આ યુદ્ધમાં આ હથિયારનો ત્રીજી વખત ઉપયોગ દર્શાવે છે. યુક્રેનિયન સત્તાવાળાઓના જણાવ્યા અનુસાર, આ તીવ્ર હવાઈ હુમલાએ યુક્રેનની રાજધાનીમાં સરકારી કચેરીઓ, રહેણાંક ઈમારતો, શાળાઓ અને એક બજાર સહિતની ઈમારતોને નુકસાન પહોંચાડ્યું છે. આ હુમલામાં ઓછામાં ઓછા 83 લોકો ઘાયલ થયા છે. હુમલાના કારણે સમગ્ર શહેરમાંથી ધુમાડાના ગોટેગોટા નીકળતા હોવાથી રાતભર એર રેડ સાયરન વાગતા રહ્યા હતા. એસોસિએટેડ પ્રેસ (AP)ના પત્રકારોએ શહેરના કેન્દ્ર અને સરકારી ઈમારતોની નજીક શક્તિશાળી વિસ્ફોટો સાંભળ્યા હતા.

યુક્રેનની એરફોર્સના જણાવ્યા અનુસાર, આ હુમલામાં 600 સ્ટ્રાઈક ડ્રોન અને હવા, સમુદ્ર તેમજ જમીન પરથી છોડવામાં આવેલી 90 મિસાઈલો સામેલ હતી. યુક્રેનની હવાઈ સંરક્ષણ પ્રણાલીએ 549 ડ્રોન અને 55 મિસાઈલોનો નાશ કર્યો હતો અથવા તેને જામ કરી દીધા હતા. એરફોર્સે જણાવ્યું કે લગભગ 19 મિસાઈલો લક્ષ્ય સુધી પહોંચવામાં નિષ્ફળ રહી હતી.

## 12 સાંસદો, 4 સંસદીય સમિતિઓ સંસદ રત્ન એવોર્ડ માટે પસંદ

નવી દિલ્હી, તા. 24 (PTI) એક ખાનગી સંસ્થા દ્વારા આ વર્ષના સંસદ રત્ન એવોર્ડ માટે 12 જેટલા સાંસદો અને ચાર સંસદીય સમિતિઓની પસંદગી કરવામાં આવી છે. પ્રાઈમ પોઈન્ટ ફાઉન્ડેશને એક નિવેદનમાં જણાવ્યું છે કે, વ્યક્તિગત કેટેગરીમાં પસંદ કરાયેલા સાંસદોમાં ભાજપના જગદંબિકા પાલ (ઉત્તર પ્રદેશ), પી પી ચૌધરી (રાજસ્થાન), નિશિકાંત દુબે (ઝારખંડ) અને શિવસેનાના શ્રીકાંત એકનાથ શિંદે (મહારાષ્ટ્ર) સામેલ છે. પ્રવીણ પટેલ (ઉત્તર પ્રદેશ), બિદ્યુત બરન મહતો (ઝારખંડ), લુમ્બારામ ચૌધરી (રાજસ્થાન), હેમંત વિષ્ણુ સવરા (મહારાષ્ટ્ર), સ્મિતા ઉદય વાઘ (મહારાષ્ટ્ર), નરેશ ગણપત મ્હસ્કે (મહારાષ્ટ્ર), મેધા વિશ્રામ કુલકર્ણી (મહારાષ્ટ્ર) અને નરહરિ અમીન (ગુજરાત)ને આ વર્ષના બજેટ સત્રના અંત સુધી સંસદમાં વિવિધ કેટેગરી હેઠળ ઉત્કૃષ્ટ પ્રદર્શન માટે સન્માનિત કરવામાં આવ્યા છે.

## કર્ણાટકમાં નદીમાંથી છીપલાં એકઠા કરતી વખતે 10ના ડૂબવાથી મોત

કારવાર (કર્ણાટક), તા. 24 : કર્ણાટકના ઉત્તરા કન્નડ જિલ્લામાં તત્તે હક્કલુ નદીમાં મીઠા પાણીના છીપલાં એકઠા કરવાનો પ્રયાસ કરી રહેલા એક જૂથના સભ્યો જોરદાર પ્રવાહમાં તણાઈ જતાં એક જ પરિવારની સાત મહિલાઓ સહિત ઓછામાં ઓછા ૧૦ લોકોના ડૂબી જવાથી મોત થયા છે, જ્યારે અન્ય બે લોકો ગુમ હોવાના અહેવાલ છે, તેમ પોલીસ સૂત્રોએ રવિવારે જણાવ્યું હતું.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર, શિરાલી ગામના અંદાજે 14 લોકો નદીમાં છીપલાં એકઠા કરવા માટે ઉતર્યા હતા, જે નદી કિનારે અને દરિયાકાંઠાના વિસ્તારોમાં સ્થાનિક સમુદાયો દ્વારા કરવામાં આવતી એક મોસમી પ્રવૃત્તિ છે. આ પ્રક્રિયા દરમિયાન, તેઓ પાણીના સ્તરનો સાચો અંદાજ મેળવ્યા વિના કથિત રીતે નદીમાં ઊંડે સુધી ચાલ્યા ગયા હતા.

## પેજ 3

## કાન્સમાં એક જ દિવસે બે અલગઅલગ લૂકથી ઐશ્વર્યાએ પોતાનો જાદુ પાથર્યો





**પીંછાવાળા** પોશાકમાં ઐશ્વર્યા કાન્સ સામ્રાજ્ઞી જેવી લાગી તો સફેદ સૂટમાં હંસોની રાણી જેવો લુક

કાન્સ, તા. ૨૪ : અભિનેત્રી ઐશ્વર્યા રાય બચ્ચને કાન્સ ઇન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટિવલમાં એક જ દિવસે બે અલગઅલગ પોશાકથી પોતાનો જાદુ પાથર્યો હતો, એક તરફ તે ઇન્ટરવ્યુ માટે ફજોલા નીલા દ્વારા ખાસ તૈયાર કરવામાં આવેલા પોશાકમાં જોવા મળી હતી તો રેડ કાર્પેટ પર સફેદ પાવર સૂટમાં ફરી એકવાર બધાને મંત્રમુગ્ધ કરી દીધા હતા. ઇન્ટરવ્યુમાં તેના ખભા પર પીંછાવાળા લટકતો પટ્ટા સાથે ચમકતો, સુશોભિત ગાઉન પહેર્યો હતો. ન્યૂડ-ટોનવાળા આ પોશાકમાં ઉપરના ભાગ પર વળાંકવાળી પેટર્નમાં ક્રિસ્ટલનું વિગતવાર કામ કરવામાં આવ્યું હતું, જ્યારે રેડ કાર્પેટ પરના તેના આઉટફિટમાં કિંમતી રત્નો જડેલા લેપલ્સ વાળું બ્લેઝર, પીંછાવાળી કેપ અને લેસ ડિટેલિંગ ધરાવતું ટેલર્ડ ટ્રાઉઝર સામેલ હતું. આ લુક ચાઇનીઝ ડિઝાઇનર ચેની ચાન દ્વારા ડિઝાઇન કરવામાં આવ્યો હતો.

## કાન્સમાં જ્યુરી પ્રાઇઝ જીતીને નેપાળી ફિલ્મ 'એલિફન્ટ્સ ઇન ધ ફોગ' એ ઇતિહાસ રચ્યો



કાન્સ, તા. 24 : 'એલિફન્ટ્સ ઇન ધ ફોગ' કાન્સ ફિલ્મ ફેસ્ટિવલમાં એવોર્ડ જીતનારી પ્રથમ નેપાળી ફિલ્મ બનીને ઇતિહાસ રચી દીધો છે. આ ફિલ્મે ફેસ્ટિવલની 79મી આવૃત્તિમાં પ્રતિષ્ઠિત 'અન સર્ટેન રિગાર્ડ' જ્યુરી પ્રાઇઝ જીત્યું છે. અવિનાશ વિક્રમ શાહ દ્વારા લિખિત અને નિર્દેશિત આ તેમની પ્રથમ ફીચર ફિલ્મ છે. આ ફિલ્મ 'અન સર્ટેન રિગાર્ડ' વિભાગમાં પસંદગી પામનાર પ્રથમ નેપાળી શીર્ષક તરીકે અગાઉ જ ચર્ચામાં આવી ચૂકી હતી, નેપાળના દક્ષિણ તરાઈ ક્ષેત્રના એક જંગલી ગામ થોરી પર આધારિત આ ફિલ્મ, સમાજના છેવાડે જીવતી ટ્રાન્સજેન્ડર મહિલાઓના જીવન પર કેન્દ્રિત છે.

## વ્હાઈટ હાઉસ સુરક્ષા ચેકપોઈન્ટ નજીક ગોળીબાર : હુમલાખોર ઠાર

**હુમલાખોર** ગયા વર્ષે પણ વ્હાઇટ હાઉસ પરિસરમાં પ્રવેશવાનો પ્રયાસ કરવા બદલ પકડાયો હતો

**પોતાને** જીસસ ક્રાઇસ્ટ તરીકે ઓળખાવતો હુમલાખોર આ વખતે સુરક્ષા કર્મચારીઓના વળતા ગોળીબારમાં ઠાર મરાયો

વોશિંગ્ટન, તા. ૨૪(એપી): વ્હાઈટ હાઉસના સિક્યોરિટી ચેકપોઈન્ટ નજીક શનિવારે અંધાધૂંધ ગોળીબાર કરનાર એક વ્યક્તિનું અધિકારીઓ દ્વારા વળતા ઓપરેશનમાં ગોળી વાગવાથી મોત થયું છે, તેમ યુએસ સિક્રેટ સર્વિસે જણાવ્યું હતું. છેલ્લા એક મહિનામાં પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની આસપાસ ગોળીબારની આ ત્રીજી ઘટના હતી.

કાયદા અમલીકરણ એજન્સીએ 'X' પર પોસ્ટ કરેલા એક નિવેદનમાં જણાવ્યું હતું કે, આ વ્યક્તિ સાંજે ૬ વાગ્યા પછી ૧૭મી સ્ટ્રીટ અને પેન્સિલવેનિયા એવન્યુના વિસ્તારમાં હતો, જ્યારે તેણે તેની બેગમાંથી હથિયાર કાઢ્યું અને ગોળીબાર શરૂ કરી દીધો. સિક્રેટ સર્વિસના અધિકારીઓએ વળતો ગોળીબાર કર્યો જેમાં શંકાસ્પદ વ્યક્તિને ગોળી વાગી હતી અને હોસ્પિટલમાં તેનું મોત નીપજ્યું હતું, તેમ એજન્સીએ જણાવ્યું હતું.

તપાસ અંગે ચર્ચા કરવા માટે અધિકૃત ન હોવાને કારણે નામ ન આપવાની શરતે કાયદા અમલીકરણ અધિકારીએ જણાવ્યું હતું કે, શંકાસ્પદની ઓળખ ૨૧ વર્ષીય નાસિર બેસ્ટ તરીકે થઈ છે. ડિસ્ટ્રિક્ટ ઓફ કોલંબિયાના કોર્ટના રેકોર્ડ અનુસાર, જુલાઈ ૨૦૨૫માં બેસ્ટની ધરપકડ કરવામાં આવી હતી જ્યારે તેણે પરવાનગી વિના વ્હાઈટ હાઉસના એક અલગ ચેકપોઈન્ટમાં પ્રવેશવાનો પ્રયાસ કર્યો હતો, અધિકારીઓના રોકાવાના આદેશો માન્યા ન હતા, તેણે પોતે જીસસ ક્રાઈસ્ટ હોવાનો દાવો કર્યો હતો અને કહ્યું હતું કે તે ધરપકડ વહોરવા માંગે છે. આ મામલે પ્રારંભિક સુનાવણી હાથ ધરવામાં આવી હતી અને પ્રિટ્રાયલ સ્ટે અવે ઓર્ડર જારી કરવામાં આવ્યો હતો, જે સામાન્ય રીતે ટ્રાયલ ખટલા પહેલાં પ્રતિવાદીને કોઈ વ્યક્તિ અથવા વિસ્તારની નજીક ન જવાનો આદેશ આપતું પગલું છે. બેસ્ટ સામે અસહકારની નોટિસ બાદ ઓગસ્ટમાં બેન્ચ વોરંટ જારી કરવામાં આવ્યું હતું, જે ત્યારબાદની સુનાવણીમાં હાજર થયો હતો.

## ચીનના વુહાનથી ભારતીય તબીબની હૈદરાબાદના દર્દી પર રોબોટિક સર્જરી

**3000 કિમી** દૂરથી ભારતીય ડોક્ટરે રોબોટિક સર્જરી વડે જટિલ ઓપરેશન 90 મિનિટમાં પાર પાડ્યું

**વહાનથી** હૈદરાબાદમાં થયેલી આ રોબોટિક સર્જરી સુપરફાસ્ટ 5G નેટવર્ક ટેક્નોલોજીને કારણે શક્ય બની



નવી દિલ્હી, તા. 24 : એક ભારતીય ડોક્ટરે 3000 કિમી દૂર ચીનથી ભારતના હૈદરાબાદમાં એક માણસનું ઓપરેશન 90 મિનિટના પાર પાડીને તેનો જીવ બચાવ્યો હતો. ભારતીય યુરોલોજિસ્ટ ડૉ. સૈયદ મોહમ્મદ ઘાઉસે લગભગ 3,000 કિલોમીટર દૂર ચીનના વુહાનથી રિમોટ અને રોબોટિક હાથની મદદથી ઓપરેશન કરીને હૈદરાબાદમાં એક દર્દી પર મૂત્રાશય પુનઃજોડાણ સર્જરી સફળતાપૂર્વક કરી હતી

ચાઈના ડેઈલીના અહેવાલ મુજબ, આ સર્જરી ચીનમાં વિકસિત રોબોટિક ટેકનોલોજીનો ઉપયોગ કરીને અલ્ટ્રા-ફાસ્ટ 5G ઈન્ટરનેટ કનેક્ટિવિટી સાથે કરવામાં આવી હતી. આ પ્રક્રિયા લગભગ 90 મિનિટ ચાલી હતી અને ટોંગજી હોસ્પિટલના ડોક્ટરો અને હૈદરાબાદની તબીબી ટીમ વચ્ચે સંકલન કરવામાં આવ્યું હતું. ઓપરેશન શરૂ થાય તે પહેલાં, વુહાન અને હૈદરાબાદના ડોક્ટરોએ સંયુક્ત રીતે દર્દીના મેડિકલ રેકોર્ડની ઓનલાઈન સમીક્ષા કરી અને રોબોટિક આર્મ્સ માટે હિલચાલના માર્ગનું કાળજીપૂર્વક મેપિંગ કર્યું. ત્યારબાદ હૈદરાબાદના તબીબી કર્મચારીઓએ દર્દીને એનેસ્થેસિયા આપીને અને રોબોટિક સાધનોને ઓપરેશન થિયેટરની અંદર મૂકીને તૈયાર કર્યા.

રોબોટિક સિસ્ટમમાં નાજુક સર્જિકલ સાધનો અને હાઈ-ડેફિનેશન 3D કેમેરાનો સમાવેશ થતો હતો જે વુહાનમાં ડૉ. ઘાઉસને લાઈવ વિઝ્યુઅલ ટ્રાન્સમિટ કરતા હતા. ટોંગજી હોસ્પિટલના કન્સોલથી કાર્યરત, સર્જન હૈદરાબાદથી રીઅલ-ટાઈમ 3D છબીઓનું નિરીક્ષણ કરતી વખતે સમગ્ર પ્રક્રિયા દરમિયાન રોબોટિક હાથને રિમોટલી નિયંત્રિત કરતા હતા.

અહેવાલો અનુસાર, આ રોબોટિક સર્જરી સુપરફાસ્ટ 5G નેટવર્ક ટેકનોલોજીને કારણે શક્ય બની હતી. 5G ની મદદથી, ભારતમાં ડૉક્ટરની સૂચનાઓ 200 મિલીસેકન્ડથી ઓછા સમયમાં રોબોટ સુધી પહોંચાડવામાં આવી હતી. કોઈપણ કટોકટીની સ્થિતિને સંભાળવા માટે સ્થાનિક ડૉક્ટરોની એક ટીમ ઓપરેશન થિયેટરમાં હાજર હતી.

## ફરહાન અખ્તરે રણવીર સામેનો 'ડોન 3'નો વિવાદ ફિલ્મ સંસ્થા સમક્ષ રજૂ કર્યો



મુંબઈ, તા. 24 : અભિનેતા-ફિલ્મ નિર્માતા ફરહાન અખ્તરે 'ડોન 3'માંથી અભિનેતા રણવીર સિંહના કથિત રીતે બહાર થવા અંગે તેની સામે ફેડરેશન ઓફ વેસ્ટર્ન ઇન્ડિયા સિને એમ્પ્લોઇઝ (એફડબ્લ્યુઆઈસીઈ) સમક્ષ ફરિયાદ નોંધાવી હોવાના અહેવાલ છે. 'ધુરંધર' સ્ટારે આ ફિલ્મમાં મુખ્ય અભિનેતા તરીકે સાઇન કર્યું હતું, જોકે, તેની અને મેકર્સ વચ્ચેના કથિત વિવાદને કારણે ફિલ્મ હાલમાં રોકી દેવામાં આવી છે. ફિલ્મ બોડી આ બાબતની સમીક્ષા કર્યા પછી સત્તાવાર રીતે તેના નિર્ણયની જાહેરાત કરવા માટે 25 મેના રોજ એક પ્રેસ-કોન્ફરન્સ યોજવા જઈ રહી છે.

## નીટ કેસ : શુભમ ખેરનાર 6 જૂન સુધી ન્યાયિક કસ્ટડીમાં

નવી દિલ્હી, તા. 24 (PTI): દિલ્હીની એક અદાલતે રવિવારે નીટ પેપર લીક કેસમાં આરોપી શુભમ ખેરનારને 6 જૂન સુધી ન્યાયિક કસ્ટડીમાં મોકલી આપ્યો છે. સ્પેશિયલ જજ રુચિ અગ્રવાલ અસરાનીએ સેન્ટ્રલ બ્યુરો ઓફ ઈન્વેસ્ટિગેશન (સીબીઆઈ)ની આરોપીને ન્યાયિક કસ્ટડીમાં મોકલવાની માગ કરતી અરજીને મંજૂરી આપી હતી. કેન્દ્રીય એજન્સીએ જણાવ્યું હતું કે, ખેરનાર સહિતના આરોપીઓ પરીક્ષા શરૂ થતાં પહેલાં નીટ-યુજી 2026 પરીક્ષાના પ્રશ્નપત્રો લીક કરવામાં સક્રિયપણે સામેલ હતા.

## MPના બાંધવગઢ રિઝર્વમાં વાઘે મહિલાને ફાડી ખાધી, 3ને ઘાયલ કર્યા

ઉમરિયા (એમપી), તા. ૨૪ (પીટીઆઈ) મધ્ય પ્રદેશના ઉમરિયા જિલ્લામાં બાંધવગઢ ટાઈગર રિઝર્વ (બીટીઆર) નજીકના રહેણાક વિસ્તારમાં રવિવારે વહેલી સવારે એક વાઘ ઘૂસી ગયો હતો, જેણે એક મહિલાને ફાડી ખાધી હતી અને અન્ય ત્રણને ઘાયલ કર્યા હતા. ત્યાર બાદ બચાવ કામગીરી દરમિયાન વાઘનું પણ મોત નીપજ્યું હતું. એમ અધિકારીઓએ જણાવ્યું હતું.

આ હુમલો રિઝર્વ નજીકના પાનપથ ગામના ખેરવા ટોલા વિસ્તારમાં સવારે આશરે ૩ વાગ્યે થયો હતો, જેના પગલે ગુસ્સે ભરાયેલા સ્થાનિકોએ આ વિસ્તારમાં વારંવાર થતા વાઘના હુમલાઓ સામે વિરોધ પ્રદર્શન કરતી વખતે કથિત રીતે ફોરેસ્ટ રેન્જર પર હુમલો કર્યો હતો અને એક મહિલા કર્મચારી સાથે મારામારી કરી હતી.

## પંજાબમાં 28 કિલોથી વધુ હેરોઇન સાથે ચારની ધરપકડ

ચંદીગઢ, તા. ૨૪ (પીટીઆઈ) પંજાબ પોલીસે ફિરોઝપુરના ગુરુહરસહાઈમાં ચાર લોકોની ધરપકડ કરીને સરહદ પારના ડ્રગ સ્મગલિંગ મોડ્યુલનો પર્દાફાશ કર્યો છે. એમ રવિવારે એક ઉચ્ચ અધિકારીએ જણાવ્યું હતું. પોલીસની કાઉન્ટર ઈન્ટેલિજન્સ પાંખે આરોપીઓ પાસેથી ૨૮.૧૨ કિલો હેરોઈન અને ૯.૫ લાખ રૂપિયા રોકડા રિકવર કર્યા છે. એમ ડાયરેક્ટર જનરલ ઓફ પોલીસ (ડીજીપી) ગૌરવ યાદવે જણાવ્યું હતું.

## બીજું પોસ્ટમોર્ટમ થયા બાદ ટ્વીશાના અંતિમ સંસ્કાર થયા

**મધ્યપ્રદેશ** હાઇકોર્ટના આદેશ મુજબ એમ્સ દિલ્હીની ટીમે બીજું પોસ્ટમોર્ટમ કર્યું

**મૃત્યુના** ૧૨ દિવસે અંતિમવિધિ થઇ, ધ્રુસકે ધ્રુસકે રડ્યા પરિવારજનો



### એમ્સની ટીમે ઘટનાસ્થળની પણ મુલાકાત લીધી, ઓટોપ્સી અહેવાલ આવતા વાર લાગશે

એમ્સ દિલ્હીના ફોરેન્સિક મેડિસિન વિભાગના વડા ડૉ. સુધીર ગુપ્તાએ જણાવ્યું હતું કે આ અહેવાલ તૈયાર કરવામાં થોડો સમય લાગશે, કારણ કે હિસ્ટોપેથોલોજી (કોષોની તપાસ) અને વિસેરા પરીક્ષણ (આંતરિક અવયવોની તપાસ) સહિતની કેટલીક પ્રયોગશાળા પરીક્ષણો જરૂરી છે. આ ટીમે આ કેસ સંબંધિત મૂલ્યાંકન કરવા માટે ટ્વિશાના નિવાસસ્થાન અને ઘટનાસ્થળની પણ મુલાકાત લીધી હતી.

ભોપાલ, તા. ૨૪(પીટીઆઈ): દહેજ માટે કથિત રીતે ઉત્પીડનનો ભોગ બનેલી ભૂતપૂર્વ અભિનેત્રી અને મોડલ ટ્વિશા શર્માના અંતિમ સંસ્કાર રવિવારે સાંજે ભોપાલમાં કરવામાં આવ્યા હતા. એઈમ્સ દિલ્હીની ટીમે બીજું શબપરીક્ષણ કર્યા બાદ સાંજે તેના અંતિમ સંસ્કાર કરી શકાયા હતા. તેમના ભાઈ હર્ષિતે મુખાગ્નિ આપી હતી, જેની સાથે જ પરિવાર માટે ૧૨ દિવસની આકરી અગ્નિપરીક્ષાનો અંત આવ્યો હતો, જોકે ન્યાય માટેની તેમની લડત હજી ચાલુ છે.

ભદભદા વિશ્રામ ઘાટ ખાતે અંતિમ સંસ્કાર એક કપરા અને હાઈ-પ્રોફાઈલ કાનૂની સંઘર્ષ બાદ થયા હતા, જેની શરૂઆત ૧૨ મેના રોજ થઈ હતી જ્યારે ૩૩ વર્ષીય પૂર્વ મિસ પુણે ભોપાલના કટારા હિલ્સ સ્થિત તેના સાસરીના ઘરે મૃત હાલતમાં મળી આવી હતી. ત્યારબાદ આજે જ વહેલી સવારે એમ્સ (AIIMS) દિલ્હીની ટીમ દ્વારા બીજી વખત પોસ્ટમોર્ટમ કરવામાં આવ્યું હતું. ચિતાની જ્વાળાઓ ઊંચી ઉઠતાં જ, છેલ્લા બે અઠવાડિયાથી સહન કરેલો ભારે માનસિક આઘાત આખરે આંસુ બનીને વહી નીકળ્યો હતો.

છત્તીસગઢના અંતરિયાળ વિસ્તારના સંઘર્ષની ઝલક

## બેંકમાંથી પેન્શન ઉપાડવા સાસુને પીઠ પર ઉંચકી 9 કિમી ચાલતી મહિલા

**જંગલ** વિસ્તારમાં પરિવહનની ખરાબ વ્યવસ્થાના કારણે લોકોએ દુર્ગમ ભૂપ્રદેશમાંથી લાંબું અંતર પગપાળા કાપવાની ફરજ પડે છે



અંબિકાપુર, તા. ૨૪: પોતાના ૯૦ વર્ષના સાસુના વજન નીચે ઝૂકેલી એક મહિલા, કાળઝાળ ગરમીમાં જંગલના રસ્તાઓ, પથરાળ વિસ્તારો અને ઝરણાંઓમાંથી પસાર થતાં માંડ-માંડ ચાલી રહી છે. આ દૃશ્યો જૂની વિક્રમ-વેતાળની વાર્તાઓની યાદ અપાવે તેવા આશ્ચર્યજનક છે - જેમાં એક પાત્ર બીજા પાત્રને પોતાની પીઠ પર બેસાડીને એક કઠિન અને દુર્ગમ ભૂપ્રદેશમાંથી પસાર થાય છે, પરંતુ આ કોઈ લોકવાર્તા નથી. આ છત્તીસગઢના એક અંતરિયાળ વિસ્તારમાં મૂળભૂત કલ્યાણકારી સુવિધાઓ મેળવવા માટેના સંઘર્ષની એક ઝલક છે. સરગુજા જિલ્લાના મેનપાટ વિસ્તારમાંથી સામે આવેલો આ વાયરલ વીડિયો ઈન્ટરનેટ પર વ્યાપક પ્રતિક્રિયાઓ જગાવી રહ્યો છે અને ભારતના અંતરિયાળ ગ્રામીણ વિસ્તારોમાં કલ્યાણકારી યોજનાઓની પહોંચની વાસ્તવિકતાઓ પર ફરીથી સવાલો ઊભા કરી રહ્યો છે.

સ્થાનિક અહેવાલો અનુસાર, સુખમનિયા બાઈ તરીકે ઓળખાતી આ મહિલા પોતાના વૃદ્ધ સાસુને પીઠ પર બેસાડીને લગભગ ૯ કિલોમીટર ચાલી હતી, જેથી તેના સાસુ બેંકમાંથી પોતાનું પેન્શન ઉપાડી શકે. સ્થાનિક લોકોનું કહેવું છે કે, જંગલ વિસ્તારમાં પરિવહનની ખરાબ વ્યવસ્થાના કારણે ગ્રામીણ લોકોને મૂળભૂત સેવાઓ મેળવવા માટે પણ પથરાળ રસ્તાઓ અને ઝરણાંઓમાંથી પસાર થઈને લાંબું અંતર પગપાળા કાપવાની ફરજ પડે છે. સ્થાનિકોએ વધુમાં દાવો કર્યો છે કે, સુખમનિયા બાઈ ઘણા મહિનાઓથી આવી જ રીતે મુસાફરી કરી રહી છે.

## નાંદેડનો લાપતા મેડિકલનો વિદ્યાર્થી મુંબઈમાં ભીખ માગતો મળ્યો

મુંબઈ, તા. ૨૪ (PTI): મુંબઈ પોલીસની ભીખ વિરોધી ઝુંબેશને કારણે નાંદેડના ૨૫ વર્ષીય મેડિકલના વિદ્યાર્થીને બચાવી લેવામાં આવ્યો છે, જે માનસિક સ્વાસ્થ્યની સમસ્યાઓથી પીડાતો હતો અને ૪૭ દિવસ સુધી ગુમ રહ્યા બાદ રસ્તાઓ પર ભીખ માંગી રહ્યો હતો. એમ અધિકારીઓએ રવિવારે જણાવ્યું હતું.

પોલીસના જણાવ્યા અનુસાર, બેચલર ઓફ હોમિયોપેથિક મેડિસિન એન્ડ સર્જરી (બીએચએમએસ) ના ત્રીજા વર્ષનો આ વિદ્યાર્થી ૪ એપ્રિલે જલગાંવમાં પોતાની કોલેજ જતી વખતે ગુમ થઈ ગયો હતો, ટ્રેન મુસાફરી દરમિયાન તેની બેગ અને ફોન ખોવાઈ ગયા હતા અને અંતે તે મુંબઈમાં અટવાઈ ગયો હતો અને ખાવા માટે ભીખ માંગવા લાગ્યો હતો.

ધી ઉધના ઉદ્યોગનગર સહકારી સંઘ
'બોર્ડ ઓફ ડિરેક્ટર્સની ચુંટણી'માં ઉદ્યોગ પેનલ ને આપ સૌએ આપેલા અપાર પ્રેમ, વિશ્વાસ અને સમર્થન બદલ
હૃદયપૂર્વક આભાર...
આ ભવ્ય વિજય માત્ર અમારી જીત નથી,
પરંતુ દરેક કાર્યકર્તા, મતદાર, ટેકેદાર, કર્મચારી અને શુભેચ્છકોની મહેનત, એકતા અને વિશ્વાસનો વિજય છે.
આપનો દરેક મત અને સહયોગ અમારા માટે મોટી જવાબદારી છે.
આપના વિશ્વાસને જાળવી રાખી ઉદ્યોગનગરના વિકાસ માટે અમે સંપૂર્ણ નિષ્ઠાથી કાર્ય કરીશું.
કોટિ-કોટિ આભાર
સમગ્ર ''ઉદ્યોગ પેનલ'' પરિવાર

## ફિલિપાઈન્સમાં નિર્માણાધીન ઈમારત તૂટી પડતા 21 લાપતા

**24** જણાને બચાવી લેવાયા, કાટમાળ હેઠળ ફસાયેલા લોકોને બહાર કાઢવાના પ્રયાસો જારી



એન્જેલસ(ફિલિપાઈન્સ), તા. ૨૪: (એપી): ફિલિપાઈન્સની રાજધાની મનિલાની ઉત્તરે આવેલા એક શહેરમાં વહેલી સવારે બાંધકામ હેઠળની એક નવ માળની ઈમારત ધરાશાયી થઈ હતી, અને રવિવારે સવાર સુધીમાં ઓછામાં ઓછા ૨૧ લોકો ગુમ થયા હોવાનું સત્તાવાળાઓએ જણાવ્યું હતું.

પોલીસ અને અન્ય અધિકારીઓએ જણાવ્યું કે બચાવકર્તાઓને કાટમાળમાંથી અવાજો સંભળાઈ રહ્યા હતા, જ્યારે ૨૪ કામદારો સુરક્ષિત બહાર દોડી આવવામાં સફળ રહ્યા હતા અથવા તેઓને બચાવી લેવાયા હતા.

## દિલ્હી વિસ્ફોટના આરોપીએ બોમ્બ બનાવવા એઆઈની મદદ લીધી હતી

**એનઆઇએની** તપાસમાં બહાર આવેલી વિગતો

નવી દિલ્હી, તા. ૨૪: દિલ્હીમાં લાલ કિલ્લા વિસ્તારમાં થયેલા કાર બ્લાસ્ટ કેસની નેશનલ ઈન્વેસ્ટિગેશન એજન્સી (NIA)ની તપાસમાં સામે આવ્યું છે કે, વૈશ્વિક આતંકવાદી સંગઠન અલ-કાયદાની એક શાખા સાથે જોડાયેલા અને ચાર્જશીટમાં નામ ધરાવતા એક આરોપીએ કથિત રીતે ટેરર એન્જિનિયરિંગ માટે આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ (AI) પ્લેટફોર્મનો દુરુપયોગ કર્યો હતો, તેમ સત્તાવાર સૂત્રોએ રવિવારે જણાવ્યું હતું.

તેમણે જણાવ્યું કે આરોપીઓએ રોકેટ ઈમ્પ્રુવાઈઝડ એક્સપ્લોઝિવ ડિવાઈસ પણ બનાવ્યા હતા અને જમ્મુ-કાશ્મીરના અનંતનાગ જિલ્લાના કાઝીગુંડ જંગલમાં તેનું પરીક્ષણ કર્યું હતું. ગયા વર્ષે ૧૦ નવેમ્બરે દેશની રાજધાનીને હચમચાવી મૂકનારા વાહનમાં ફીટ કરાયેલા હાઈ ફીકવન્સી IED બ્લાસ્ટના સંદર્ભમાં ૧૪ મેના રોજ NIA દ્વારા દાખલ કરવામાં આવેલી ૭,૫૦૦ પાનાની વિશાળ ચાર્જશીટમાં આ ચોંકાવનારા ખુલાસા સામે આવ્યા છે.


## પશ્ચિમ રેલવે દ્વારા ટ્રેન નંબર 02133/02134 બાંદ્રા ટર્મિનસ - જબલપુર સ્પેશિયલ ટ્રેનને નિયમિત કરાશે

| નિયમિત ટ્રેન નંબર | શરૂઆત અને ગંતવ્ય સ્ટેશનો | મુસાફરી શરૂ થવાની તારીખથી અમલી | પ્રસ્થાન | આગમન |
|---|---|---|---|---|
| 20163 | બાંદ્રા ટર્મિનસ - જબલપુર (સાપ્તાહિક) | 30.05.2026 | 16:30 કલાકે (શનિવાર) | 15:10 કલાકે (બીજા દિવસે) |
| 20164 | જબલપુર - બાંદ્રા ટર્મિનસ (સાપ્તાહિક) | 29.05.2026 | 17:00 કલાકે (શુક્રવાર) | 14:15 કલાકે (બીજા દિવસે) |
| સ્ટોપેજ: બંને દિશામાં બોરીવલી, વાપી, સુરત, વડોદરા, રતલામ, ઉજ્જૈન, સંત હિરદારામ નગર, ભોપાલ, નર્મદાપુરમ, ઇટારસી, પીપરીયા અને નરસિંહપુર સ્ટેશનો. | | | | |
| કોચનું માળખું: ફર્સ્ટ એસી, એસી 2-ટીયર, એસી 3-ટીયર, સ્લીપર ક્લાસ અને જનરલ સેકન્ડ ક્લાસ કોચ. | | | | |

માર્ગના સ્ટેશનો પર સમય, સ્ટોપેજ અને કોચના માળખા અંગેની વિગતવાર માહિતી માટે મુસાફરો કૃપા કરીને www.enquiry.indianrail.gov.inની મુલાકાત લે.

WESTERN RAILWAY
wr.indianrailways.gov.in
અમને લાઇક અને ફોલો કરો
facebook.com/WesternRly
X.com/WesternRly
Instagram.com/WesternRly
https://www.youtube.com/@WesternRly
https://bit.ly/WesternRailwayOfficial

કૃપા કરીને તમામ આરક્ષિત ટિકિટો માટે અસલ ઓળખપત્ર સાથે રાખો.